સુવિચાર

જેને વિવાદ કરવો છે, તેની પાસે પક્ષ છે, જેને વિકાસ કરવો છે તેની પાસે પોતાનું લક્ષ્ય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




નિર્મળા રોડ પર કાફેમાં તોડફોડ કરી લુખ્ખાએ ફેંક્યો પોલીસને ખુલ્લો પડકાર P-4

Year-16, Issue-44 ■ DATE : 29-05-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૧ જુનથી અનેક ફેરફારો: ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ ભરવું મોંઘુ થશે!

## એફડી વ્યાજ દરો ફરી ઘટવાની સંભાવના: યુપીઆઈ એપમાં નવો નિયમ લાગુ થશે: આધાર કાર્ડ અપડેટ કરવાના પણ નાણાં ચુકવવા પડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક જુનથી નવા ફેરફારો થઈ રહ્યા છે. ક્રેડીટ કાર્ડથી ઈએમઆઈ ભરવામાં ચુકથી દંડ લાગી શકે છે. યુપીઆઈએપનો નવો નિયમ લાગુ થશે.એફડી વ્યાજ દરોમાં ફેરફાર થઈ શકે છે.

ક્રેડીટ કાર્ડધારકે એ ધ્યાન રાખવુ પડશે કે જો ક્રેડીટ કાર્ડથી કોઈ ઈએમઆઈ કે બિલ ઓટો ડેબીટ નિશ્ચિત તારીખે ન થઈ શકે તો બે ટકા દંડ ભરવો પડી શકે છે. આ સાથે ક્રેડીટ કાર્ડ પર વીજળી, પાણી, પેટ્રોલ, ડીઝલનું પેમેન્ટ કરો છો તો તેના પર વધારાનો ચાર્જ લાગી શકે છે.

જુનની ૬ તારીખે આરબીઆઈની મૌદ્રિક નીતી સમક્ષાની બેઠક યોજાશે.એવી અટકળો લગાવાઈ રહી છે કે આરબીઆઈ વધુ એકવાર રેપોરેટમાં ઘટાડા કરી શકે છે. જો આમ થાય તો બેન્ક એફડી પર વ્યાજદરો ઘટાડી શકે છે.

ઈપીએફઓ જુનમાં સભ્યો માટે નવી સુવિધા કરી શકે છે. જુનમાં ઈપીએફઓનું નવુ વર્જન ૩.૦ લોન્ચ થઈ શકે છે. આથી ઈપીએફઓ સભ્યોને પીએફ સાથે જોડાયેલી બધી જાણકારીઓ જેમ કે રોકડ ઉપાડ, દાવો કરવો કે જાણકારીને અપડેટ કરવી પહેલા કરતા વધુ સરળ થઈ જશે. જયારે આ મહિનાથી



ઈપીએફઓ ખાતાની એટીએમ દ્વારા ઉપાડની સુવિધા પણ શરૂ કરાઈ શકે છે.

ઓનલાઈન ફ્રોડથી બચવા માટે યુપીઆઈનો નવો નિયમ ૩૦ જુનથી લાગુ થવા જઈ રહ્યો છે. જે અંતર્ગત યુપીઆઈથી પેમેન્ટ કરતી વખતે ઉપયોગકર્તાએ રકમ મેળવનારનું બેન્કમાં રજીસ્ટર્ડ વાસ્તવિક નામ જ દેખાશે.

આ પહેલા ઉપનામ, આઈડી કોડ કે મોબાઈલ નંબરમાં નોંધાયેલ નામ વગેરે દેખાતા હતા. નવા નિયમનો ઉદેશ પુરા દેશમાં પેમેન્ટ સુરક્ષાને બહેતર બનાવવાનો છે. આ સાથે જ છેતરપીંડીનાં કેસો પર લગામ કસાશે

આધારમાં નામ, સરનામું, જન્મ તારીખ, લીંગ વગેરે જેવી ડેમોગ્રાફીક જાણકારી અપડેટ કરાવવા માટેની છેલ્લી તારીખ ૧૪ જુન ૨૦૨૫ છે. આ તારીખ બાદ ઉપરોકત ફેરફારોનાં ૫૦ રૂપિયા ચાર્જ લાગશે અને આ અપડેટ ઓનલાઈન નહિ પણ નજીકનાં આધાર સેવા કેન્દ્ર પર જ કરાવવા માંગે છે.તો માય આધાર પોર્ટલ પર જઈને તે વિનામુલ્યે અપડેટ કરાવી શકે છે.

આઈટી રીટન માટે કેટલાંક જરૂરી દસ્તાવેજોની જરૂર પડે છે જેમાં ફોર્મ ૧૬ અને ફોર્મ ૧૬ એ જેવા ટીડીએસ સર્ટીફીકેટ સામેલ છે. નિયુકિત કરનાર પોતાના કર્મચારીઓને ૧૫ જુન સુધી આ ફોર્મ ઈસ્યુ કરી શકે છે. ત્યારબાદ કર્મચારી પોતાના આવકવેરા રિટર્ન દાખલ કરવાની પ્રક્રિયા પુરી કરી શકે છે.

## દેશમાં કોરોનાનો કહેર: દર્દીઓની સંખ્યા ૧૨૦૦ને વટાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોરોના વાયરસ ફરી એકવાર દેશભરમાં ફેલાઈ રહ્યો છે. દરરોજ નવા લોકો વાયરસના નવા પ્રકારનો ભોગ બની રહ્યા છે. અત્યાર સુધીના રેકોર્ડ મુજબ, દેશના વિવિધ ભાગોમાં નવા કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૨૦૦ ને વટાવી ગઈ છે. કોવિડ-૧૯ પોઝિટિવ દર્દીઓમાંથી ૧૨ લોકોના મોત થયા છે. કેરળમાં સૌથી વધુ કોરોના ચેપના કેસ નોંધાયા છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તમામ હોસ્પિટલોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ઓક્સિજન સિલિન્ડર જેવી આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો સ્ટોક રાખવાની પણ સલાહ આપવામાં આવી છે, જેથી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી શકાય. કોરોનાના નવા પ્રકારે તેની અસર બતાવવાનું શરૂ કર્યું છે. દરરોજ ડઝનબંધ નવા કેસ સામે આવી રહ્યા છે.

## રાજયની ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીની તારીખ જાહેર: ૨૨ જૂને મતદાન, ૨૫ જૂને મતગણતરી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર દ્વારા રાજ્યમાં ૨.૫ વર્ષથી ખોરંભે મુકાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ચૂંટણી કમિશનર ડો એસ મુરલીકૃષ્ણ ચૂંટણીની જાહેરાત કરતા માહિતી આપી કે આ ચૂંટણી કાર્યક્રમમાં ચૂંટણીનું જાહેરનામુ ૨જી જૂન ૨૦૨૫ના બહાર પાડવામાં આવશે. જ્યારે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૯ જૂન ૨૦૨૫ રહેશે. ૨૨ જૂન ૨૦૨૫ના રોજ મતદાન યોજાશે અને મત ગણતરી ૨૫ જૂન ૨૦૨૫ના રોજ થશે.



મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ ૨૭ મી મે ૨૦૨૫ ના રોજ કરવામાં આવી હતી અને આજે ચૂંટણી જાહેરાત કરવામાં આવી છે. આજથી આચારસંહિતા અમલમાં આવશે. કુલ ૮૩૨૬ પંચાયતોમાંથી ૪૬૮૮ પંચાયતોમાં (સામાન્ય/વિભાજન/મધ્યસત્ર ચૂંટણી) જ્યારે ૩૬૩૮ પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે.

મહત્વની વાત એ છેકે, પંચાયતોની ચૂંટણીમાં બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવશે, ઈવીએમનો ઉપયોગ થશે નહીં. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં જ ૪ હજાર ગ્રામ પંચાયતમાં ૩ વર્ષથી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે, જેમાં વધુ ૧૪૦૦ પંચાયતોની મુદ્દત ૩૦ જૂને પૂર્ણ થઈ રહી છે.

## એલન મસ્કે રાષ્ટ્રપતિ ટ્રમ્પનો સાથ છોડી દીધો

### અલગ થયાની સોશ્યલ મીડિયા હેન્ડલ પર જાહેરાત કરી, ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમણે સરકારી ખર્ચ અને નોકરીઓમાં કાપ માટે બનેલા વિભાગ DOGEની જવાબદારી સંભાળી હતી

**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

અબજોપતિ ઉદ્યોગપતિ એલોન મસ્કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ સાથેના સંબંધો તોડી નાખ્યા છે. બુધવારે મસ્કે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર સરકારી કાર્યક્ષમતા વિભાગના વડા તરીકેના તેમના કાર્યકાળના અંતની જાહેરાત કરી, આ સાથે તેમણે રાષ્ટ્રપતિ ટ્રમ્પનો તેમના પર વિશ્વાસ દર્શાવવા અને તેમના વહીવટમાં તેમને ખાસ સરકારી કર્મચારી તરીકે સામેલ કરવા બદલ આભાર માન્યો.

એપીના અહેવાલ મુજબ, વ્હાઇટ હાઉસમાં કામ કરતા એક કર્મચારીએ પણ પુષ્ટિ આપી છે કે મસ્ક હવે ટ્રમ્પના મહત્વાકાંક્ષી ડોજ પ્રોજેક્ટના વડા નથી.

ટેસ્લાના વડાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે લાંબા સમયથી એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે બંને વચ્ચે બધું બરાબર નથી. મસ્કે થોડા દિવસો પહેલા ટ્રમ્પના નિર્ણયની ટીકા કરી હતી અને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયને સુંદર બિલ કહેવાથી તેઓ નિરાશ થયા છે. મસ્કના મતે, આનાથી ખર્ચમાં ખૂબ વધારો થશે, જેનાથી ફેડરલ ખાધ વધશે.

મસ્કે ટ્રમ્પના કર ઘટાડવા અને ઈમિગ્રેશન સુધારવાના નિર્ણય વિશે સીબીએસ સાથે વાત કરી હતી. મસ્કે કહ્યું, મને લાગે છે કે બિલ કાં તો મોટું હોઈ શકે છે અથવા સુંદર... પરંતુ મને



નથી લાગતું કે બિલ બંને હોઈ શકે છે. હું તેના કેટલાક પાસાઓથી ખુશ નથી, પરંતુ હું તેના અન્ય પાસાઓથી રોમાંચિત છું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે એવું પણ સૂચન કર્યું છે કે તેમાં વધુ ફેરફારો થશે.

બીજી બાજુ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના નિર્ણયનો બચાવ કર્યો અને કહ્યું, આપણે જોઈશું કે આ મામલે શું થાય છે. હાલમાં, આ નિર્ણયમાં ઘણું કરવાનું બાકી છે.

તમને જણાવી દઈએ કે માત્ર મસ્ક જ નહીં પરંતુ પાર્ટીના કેટલાક અન્ય લોકો પણ ટ્રમ્પના આ નિર્ણય સાથે સહમત નથી. વિસ્કોન્સિનના સેનેટર રોન જોન્સને કહ્યું કે મને એલોન મસ્કની મુશ્કેલી પ્રત્યે સહાનુભૂતિ છે. એક કાર્યક્રમમાં આ મુદ્દા પર વાત કરતા તેમણે કહ્યું, મને વિશ્વાસ છે કે ખર્ચ ઘટાડી શકાય છે. આ ફક્ત ત્યાં સુધી છે જ્યાં સુધી આપણા રાષ્ટ્રપતિ અથવા આપણું નેતળત્વ આ મુદ્દા પર ખૂબ ગંભીર ન બને... ત્યાં સુધી આ પ્રક્રિયાને ધીમી કરવાનો ઘણો વિરોધ છે. જો હું તેની વિરુદ્ધ હોઉં, તો રાષ્ટ્રપતિ ટ્રમ્પ મને મારું વલણ બદલવા માટે દબાણ કરી શકતા નથી.

## એશિયા ક્ષેત્રના ટોપ ૧૦ મોટા અને સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટમાં દિલ્હી એરપોર્ટને મળ્યું સ્થાન

### દુબઈનું એરપોર્ટ પ્રથમ ક્રમે: ચીનનું શાંઘાઈ પુડોંગ એરપોર્ટ બીજા ક્રમે, કતરનું હમાદ એરપોર્ટ ત્રીજા સ્થાને

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (આઈજીઆઈએ)એ પોતાના નામે મોટી સિધ્ધિ મેળવી છે. તેને ધી એરપોર્ટ કાઉન્સીલ ઈન્ટરનેશનલ એશિયા પેસિફિક એન્ડ મિડલ ઈસ્ટ એર કનેકિટવિટી રેન્કીંગ ૨૦૨૪માં એશિયા પ્રશાંત અને પશ્ચિમ એશિયા ક્ષેત્રના ટોપ ૧૦ મોટા અને સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટમાં ૧૦મું સ્થાન મળ્યું છે.

રિપોર્ટ અનુસાર આઈજીઆઈ એરપોર્ટે વર્ષ ૨૦૨૫માં વાર્ષિક આધાર પર ૧૪ ટકાની ઉલ્લેખનીય



વૃધ્ધિ નોંધાવી છે. આ વધારો આંતરરાષ્ટ્રીય યાત્રાની વધતી માંગ, વિમાન નેટવર્કમાં નિરંતર સુધારો અને મુખ્ય આંતરરાષ્ટ્રીય રૂટસની વાપસીના કારણે જોવા મળી છે.

દિલ્હી વિમાન મથક આ પુરૂ કરવામાં સફળ રહ્યું તે કુલ ૧૫૩ ડેસ્ટીનેશનને હવાઈ સંપર્ક પ્રદાન કરતું રહ્યું છે જેમાં ૮૧ ઘરેલુ અને ૮૨ આંતર રાષ્ટ્રીય માર્ગ સામેલ છે. દિલ્હી એરપોર્ટના મેનેજમેન્ટે કહ્યું હતુ કે અમે ભવિષ્યમાં પણ યાત્રીઓને સુખદ અનુભવ પ્રત્યે પ્રતિબધ્ધ છીએ.

આ રેન્કીંગમાં દુબઈનું એરપોર્ટ પ્રથમ સ્થાને રહ્યું છે જે વૈશ્વિક યાત્રામાં મુખ્ય કેન્દ્ર બન્યું છે. ચીનનું શાંઘાઈ પુડોંગ એરપોર્ટ બીજા ક્રમે, કતરનું હમાદ એરપોર્ટ ત્રીજા અને દક્ષિણ કોરીયાનું ઈંચિયોન એરપોર્ટ ચોથા નંબરે રહ્યું છે.

આ ઉપરાંત ચીનનું હી ગુ આંગજૌ બેન્યુમ એરપોર્ટ પાંચમાં, બીજીંગ કેપીટલ એરપોર્ટ છઠ્ઠો, થાઈલેન્ડનું બેન્કોક સુવર્ણભૂમિ એરપોર્ટ સાતમા, સિંગાપોરનું ચાંગી એરપોર્ટ આઠમા અને કુઆલાલંપુરનું એરપોર્ટ ૯માં સ્થાને છે.

## ખાદ્યતેલોમાં સરકારે હવે એક સમાન વજનનો નિયમ કરી અમલી બનાવવાનાં ચક્રો ગતિમાન કર્યા

**ખાદ્યતેલોમાં મનઘડત વજનથી છેતરપિંડીનું કારસ્તાન!**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખાદ્યતેલોમાં કેટલાંક વખતથી વપરાશકારોને ભ્રમની સ્થિતિ સર્જાય તે પ્રકારે ઓછા વધુ વજનના પેકીંગનાં વેચાણ શરૂ થયા છે અને એક જાતની છેતરપીંડી જ હોવાનું ધ્યાનમાં આવતા સરકારે હવે એક સમાન વજનનો નિયમ કરી અમલી બનાવવાનાં ચક્રો ગતિમાન કર્યા છે.

કેન્દ્ર સરકારે ૨૦૨૨ માં વજનના નિયમોમાં છુટછાટ આપી હતી. તેને પગલે અનેક તેલ ઉત્પાદકોએ મનફાવે તેટલા વજનના પેકીંગ વેચાણમાં મુકવાનું શરૂ કર્યું હતું. લોકલ વેપારીઓએ કહ્યું કે સામાન્ય રીતે એક લીટર જેવી લાગતી બોટલમાં ૮૦૦ ગ્રામનું વજન ધરાવતું પેકીંગ હતું.

આજ રીતે ડબ્બા સામાન્ય રીતે



૧૫ કિલો લીટરના રહેતા હતા. તે ૧૩ કિલો વજનના વેચાવા લાગ્યા હતા ગ્રાહકો ૧૫ કિલો કે ૧૫ લીટરની ગણતરીએ જ ખરીદ કરતા હોય છે. વજન પૂછવા કે ચેક કરનારાની સંખ્યા મામુલી હોય છે. કેટલાંક વખતથી આ વલણ વધતુ હતુ ગ્રાહકોને છેતરવાના ઈરાદે જ આ પ્રકારનાં નવા કારસ્તાનો થતા હોવાનું મનાતું હતું.

આ મામલો સરકારના ધ્યાનમાં આવતા હવે ફરી નિર્ધારીત વજનનો નિયમ ફરજીયાત કરવાની વિચારણા શરૂ કરી છે.માર્કેટમાં ૮૯૦, ૮૧૦ કે ૮૫૦ ગ્રામની પેકડ બોટલો પણ વેચાવા લાગી હતી. જેમાં એક લીટર કે એક કિલો તેલ હોવાની છાપ હતી.

સરકારી સુત્રોએ કહ્યું કે અસામાન્ય પેકીંગ સાઈઝ-વજનને કારણે ગ્રાહકોમાં ભ્રમની સ્થિતિ સર્જાઈ છે તે દુર કરવા સરકાર સંબંધીત પક્ષકારો સાથે પરામર્શ કરીને ફરી જુનો નિયમ લાગુ કરશે. આ માટે સંબંધીત પક્ષકારો પાસેથી સુચનો માંગવામાં આવ્યા છે અને તેના આધાર અંતિમ નિર્ણય લેવાશે.

સુત્રોએ ઉમેર્યુ કે ખાદ્યતેલોનું વેચાણ ફરી વખત ૫૨૦ ગ્રામ, એક કિલો, બે કિલો, પાંચ કિલો તથા ૧૫ કિલોના પેકીંગમાં જ કરવાનું ફરજીયાત બનાવવા પર વિચારણા છે જેનાથી કિંમતોની હેરફેર તથા ગ્રાહકો સાથે છેતરપીંડી અટકી શકશે.

સરકારને એવી ફરિયાદો મળી હતી કે ખાદ્યતેલોના પેકીંગમાં વજન ઓછુ કરવા છતાં ભાવ ઉંચા જ વસુલવામાં આવી રહ્યા છે. અનુચિત વેપાર થઈ રહ્યા છે. એક લીટર તે એક કિલો વજનની લાગતી બોટલોમાં વાસ્તવિક વજન ૮૦૦ ગ્રામ જ રાખવામાં આવે છે અને સાવ નાના અક્ષરમાં લખાતું હોવાથી ગ્રાહકોનાં ધ્યાનમાં પણ આવતું નથી.

તેલલોબીનાં આ કારસ્તાનથી ચોંકી ઉઠેલી સરકારે ૨૦૨૨ માં અપાયેલી છુટછાટને રદ કરવા તથા પેકીંગમાં વજન નિર્ધારીત કરવાની દિશામાં વિચારણા હાથ ધરી છે.

ભારતમાં ખાદ્યતેલોના વપરાશમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦-૨૧માં ૨૪૬ લાખ ટન વપરાશ હતો તે ૨૦૨૧-૨૨માં વધીને ૨૫૮ લાખ ટન તથા ૨૦૨૨-૨૩માં ૨૮૯ લાખ ટન હતો.

## ગુજરાતમાં મે મહિનામાં નોર્મલ કરતા ૨૦ ગણો વરસાદ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશના અનેક રાજયોમાં નૈઋત્ય ચોમાસાએ વ્હેલો પ્રવેશ મેળવી લીધો છે અને ગુજરાતમાં પણ છેલ્લા આગમનની આગાહી વચ્ચે ગુજરાતમાં મે મહિનામાં સામાન્ય કરતા ૨૦ ગણો વધુ વરસાદ નોંધાયો છે. મહિનો પુરો થવાને હજુ ત્રણ દિવસ બાકી છે. જયારે ટકાવારી હજુ વધી શકે છે.

હવામાન વિભાગનાં રિપોર્ટ મુજબ ગુજરાતમાં સામાન્ય રીતે મે મહિનો સુકો અને આકરી ગરમીનો જ રહેતો હોય છે. સરેરાશ માત્ર ૨.૫ મીમી વરસાદ થતો હોય છે.તેના બદલે આ વર્ષે ૨૭મી મેની સ્થિતિએ ૫૦.૬ મી.મી વરસાદ નોંધાયો છે.

દેશભરનાં તમામ રાજયોમાં સરેરાશ કરતા વધુ વરસાદની દ્રષ્ટિએ ગુજરાત નંબરવન છે.બીજા ક્રમે વરસાદની દ્રષ્ટિએ ગુજરાત નંબરવન છે.બીજા ક્રમે મહારાષ્ટ્રમાં સરેરાશ કરતાં વરસ્યા હતા. તથા ગોવામાં ૧૧૯૦ ટકા વધુ વરસાદ થયો છે.

દેશના આ ત્રણેય દરિયાકાંઠાનાં રાજયોમાં જ



૧૦૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી મે મહિનો સૌથી ગરમ હોય છે. ગુજરાતમાં ચોમાસાનું આગમન ૧૫ જુન આસપાસ રહેતુ હોય છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ મુજબ ૨૭ મે સુધીમાં અમરેલીમાં સૌથી વધુ ૧૧૭ મીમી વરસાદ હતો.વલસાડમાં ૧૦૪ મીમી ડાંગમાં ૧૦૨ મીમી, ભરૂચમાં બે મીમી., તથા જુનાગઢમાં ૯૬ મીમી વરસાદ થયો છે. રાજકોટમાં ૮૮ મીમી વરસાદ થયો છે. ઝોનવાઈઝ આંકડા મુજબ સૌરાષ્ટ્ર-કચ્છમાં સરેરાશ કરતા ૧૬૭૮ ટકા વધુ વરસાદ થયો છે.

હવામાન ખાતા ગુજરાતનાં વડા અશોકકુમાર દાસે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાંક વર્ષોમાં આ સૌથી અસામાન્ય ઘટનાક્રમ છે. આ પૂર્વે વર્ષ ૨૦૧૧ ના મે માસમાં નોર્મલ કરતા ૧૪૧૯ ટકા વધુ વરસાદ થયો હતો. આ સિવાય કયારેય આટલો વરસાદ નહોતો.

આ વખતે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા અરબી સમુદ્રની અનેક સિસ્ટમોએ વરસાદ વરસાવ્યો હતો. રાજયનાં તમામ જીલ્લામાં ઓછા વતા પ્રમાણમાં વરસાદ થયો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ચોમાસુ રેખાની ઉતરીય પાંખ મુંબઈ આદિલાબાદ દાંતેવાડા તથા અગરતલાથી પસાર થાય છે. આવતા બે દિવસમાં ચોમાસું આગળ વધવા માટેના સંજોગો સાનુકુળ છે.

## અમદાવાદના બાપુનગરમાં મેગા ડિમોલિશન: ૪૦૦થી વધુ કાચા-પાકા દબાણો પર બુલડોઝર ફેરવાયું

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના ચંડોળા તળાવમાં ગેરકાયદે દબાણો પર બુલડોઝરની કાર્યવાહી હજુ શાંત પણ નથી થઈ ત્યાં બાપુનગરમાં તંત્રએ મોટાપાયે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી સપાટો બોલાવ્યો છે. ગુરૂવારે (૨૯ મે) સવારથી અકબરનગર વિસ્તારમાં આશરે ૪૦૦થી વધુ જેટલાં કાચા-પાકા મકાન-દુકાનો પર બુલડોઝર ફેરવી દેવાયા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મળતી માહિતી અનુસાર, આ વિસ્તારમાં રહેતા લોકોને પહેલાથી જ ગેરકાયદે બાંધકામને ખાલી કરવા ચેતવણી ઈશ્યૂ કરી દેવામાં આવી હતી. જેમાં ઘણાં લોકો તો એવા હતા જેમને વટવા વિસ્તારમાં સરકારી વસાહતોમાં મકાન ફાળવી દેવાયા હતા



છતાં તેમાંથી અનેક લોકો અહીં આવીને પાછા રહેવા લાગ્યાની જાણકારી મળી હતી.

પાંચ જેસીબી અને આઠ જેટલા હિટાચી મશીન તથા અનેક ટ્રક સાથે મોટાપાયે તંત્ર દ્વારા આજે સવારથી જ સપાટો બોલાવવામાં આવ્યો હતો. તંત્રની કાર્યવાહીના પગલે લોકોએ ઉતાવળે તેમના બાંધકામ પરથી પતરાં અને કામની વસ્તુઓ હટાવવાની શરૂઆત કરી દીધી હતી. જોકે કોઈ અનિચ્છિનીય ઘટનાને ટાળવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.

આ ડિમોલિશનની કાર્યવાહી અંગે બાપુનગર વિસ્તારના ભાજપના કોર્પોરેટર પ્રકાશ ગુર્જરે કહ્યું કે અકબરનગરના છાપરા તરીકે ઓળખાતો આ વિસ્તાર એએમસીની માલિકી હસ્તક આવે છે. વર્ષોથી અહીં દબાણ કરી લેવામાં આવ્યું હતું. અહીં સરવે બાદ લોકોને સરકારી વસાહતોમાં મકાન આપ્યા બાદ ફરી આ લોકો અહીં આવીને છાપરા બાંધી રહેવા લાગ્યા હતા. થોડા સમય અગાઉ રખિયાલમાં પોલીસને તલવાર-ચપ્પુ બતાવી ધમકાવનારા અસામાજિક તત્વો પણ અહીં જ રહેતા હતા.

# જામનગર જિલ્લાની ૩૨૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે જે પૈકી ૨૬૬ સામાન્ય-વિભાજન-મધ્યસત્ર અને ૬૧ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે

## જામનગર જિલ્લાના ૬૪૧ મતદાન મથકો પર ૪,૩૭,૪૨૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતની સામાન્ય-વિભાજન-મધ્યસત્ર-પેટા ચૂંટણી ૨૦૨૫નો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.ગ્રામ પંચાયતની.સામાન્ય-વિભાજન-મધ્યસત્ર-પેટા ચૂંટણી ૨૦૨૫ અંતર્ગત જામનગર જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આગામી તા. ૨૨ જૂન, ૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય-વિભાજન-મધ્યસત્ર-પેટા ચૂંટણીઓ માટે મતદાન યોજાશે, તેમજ આ ચૂંટણી કાર્યક્રમ મુજબ તા.૨૫ જૂન, ૨૦૨૫ ના રોજ મતગણતરી થશે.આ ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત, જામનગર જિલ્લામાં ૩૨૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે જે પૈકી ૨૬૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય-વિભાજન-મધ્યસત્ર તેમજ ૬૧ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી પ્રક્રિયા યોજાશે.આ ચૂંટણી પ્રક્રિયા માટેનું જાહેરનામુ તા.૦૨ જૂન, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રકો ભરવાની અંતિમ તારીખ ૦૯ જૂન, ૨૦૨૫ છે જ્યારે ઉમેદવારી પત્રકોની ચકાસણી તા.૧૦ જૂન, ૨૦૨૫ ના રોજ થશે અને ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ તા.૧૧ જૂન, ૨૦૨૫ છે.તા.૨૨ જૂન, ૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ વાગ્યાથી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી મતદાન થશે.આ ચૂંટણી જિલ્લામાં ૬૪૧ મતદાન મથકો પર યોજાશે.જે માટે ૮૨ ચૂંટણી અધિકારી તથા ૨૯૯ મદદનીશ ચૂંટણી અધિકારીઓની જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નિમણૂક કરાઈ છે.જ્યારે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સુચારૂ રીતે યોજાય તે માટે ૩,૦૩૬ પોલિંગ સ્ટાફ ફરજ બજાવશે.સાથે જ આ ચૂંટણીમાં ૨,૨૫,૧૦૫ પુરુષ તથા ૨,૧૨,૩૨૨ સ્ત્રીઓ મળી ૪,૩૭,૪૨૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.ગ્રામ પંચાયત ચૂંટણીમાં સરપંચ માટે જામનગર તાલુકામાં અનુસૂચિત જાતિ માટે ૫, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૧૮, સામાન્ય માટે ૪૨ મળી ૬૫ બેઠકો પર, કાલાવડ તાલુકામાં અનુસૂચિત જાતિ માટે ૯, અનુસૂચિત આદિજાતિ માટે ૧, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૧૯, સામાન્ય માટે ૪૩ મળી ૭૨ બેઠકો પર, લાલપુર તાલુકામાં અનુસૂચિત જાતિ માટે ૩, અનુસૂચિત આદિ જાતિ માટે ૧, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૧૩, સામાન્ય માટે ૩૦ મળી ૪૭ બેઠકો પર ચૂંટણી થશે.જામજોધપુર તાલુકામાં અનુસૂચિત જાતિ માટે ૬, અનુસૂચિત આદિ જાતિ માટે ૩, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૯, સામાન્ય માટે ૧૬ મળી ૩૪ બેઠકો પર, ધ્રોલ તાલુકામાં અનુસૂચિત જાતિ માટે ૩, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૬, સામાન્ય માટે ૧૫ મળી ૨૪ બેઠકો પર ચૂંટણી થશે.જ્યારે જોડિયા તાલુકામાં અનુસૂચિત જાતિ માટે ૧, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૬, સામાન્ય માટે ૧૭ મળી ૨૪ બેઠકો પર સરપંચ માટેના હોદ્દાની ચૂંટણી થશે.રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જામનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં આદર્શ આચાર સંહિતા અમલી છે.

# મોરબીમાં કાળચક્ર ફરી વળ્યું, અલગ અલગ ચાર અપમૃત્યુના બનાવથી ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ગઈકાલ તા.૨૮/૦૫ ના રોજ અલગ અલગ ચાર અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી જવા પામ્યો છે, જેમાં મોરબી શહેર, વાંકાનેર ગ્રામ્યમાં બે મહિલા તથા મોરબી ગ્રામ્ય અને હળવદ સહિત ચાર વ્યક્તિના અકાળે મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે, હાલ જીલ્લા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

પ્રથમ અપમૃત્યુ અંગેની પ્રાપ્ત વિગત મુજબ, પંચમહાલ જીલ્લા ના મોટા ભામૈયા ગામના વતની હાલ મોરબી શહેરના રણછોડનગર પાસે આવેલ લાયન્સનગરમાં રહેતા દક્ષાબેન હેતુલભાઈ ભારતભાઈ પટેલ નામની ૨૫ વર્ષીય પરિણીતા ગઈ તા.૨૫/૦૫ ના સાંજે પોતાના રહેણાંકમાં કચરા-પોતા કરતા હોય તે દરમિયાન ટાઈલ્સ ઉપર ઢોળાયેલ પાણીમાં પગ આવતા દક્ષાબેન જમીન ઉપર પટકાયા હતા, ત્યારે માથામાં ગંભીર ઈજાઓ સબબ તાત્કાલિક પરિવારજનો સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલ જ્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે લઈ જતા, જ્યાં ૩ દિવસની સારવાર કારગત ન નિવડતા દક્ષાબેનનું મૃત્યુ નીપજ્યું હતું. દુર્ભાગ્યપૂર્ણ બનાવ અંગે બી ડિવિઝન પોલીસની તપાસમાં મૃતક પરિણીતાના ૩ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા, ત્યારે હાલ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી કરી છે.

જ્યારે બીજા અપમૃત્યુ અંગે મળતી માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના મેસરીયા ગામ નજીક વાંકાનેર બાઉન્ડ્રીના પુલ ઉપરથી ગત તા.૨૭/૦૫ ના રોજ પડી ગયેલ સાવીત્રીબને ગમરીયા નીંગવાલ ઉવ.૫૫ રહે.ફલાસ ખેડી ફલીયા ખામટ ગામ જી.અલીરાજપુર મધ્યપ્રદેશ વાળાને ગંભીર હાલતમા સામુહિક આરોગ્ય કેન્દ્ર કુવાડવા ખાતે સારવારમા લઇ જવામાં આવ્યા હતા, જ્યાં હાજર સ્ટાફે તુરંત સારવાર ચાલુ કરી હોય ત્યારે બીજે દિવસે તા.૨૮/૦૫ ના રોજ ચાલુ સારવાર દરમ્યાન સવિત્રીબેન મરણ જતા બનાવ બન્યા બાબતે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં, મોરબી તાલુકાના પાવડીયારી ગામે અમૂલ મિનરલ કારખાનાની લેબર કોલોનીમાં રહેતા કાલુરામ રમેશચંદ સરસીયા ઉવ.૩૯ ગઈકાલ તા.૨૮/૦૫ ના રોજ કોઈ બીમારી સબબ સુતા હોય બાદમાં જગાડતા જાગેલ નહિ, ત્યારે તેઓને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડતા હજાર ડોક્ટરે જોઈ તપાસી કાલુરામને મૃત જાહેર કર્યા હતા, બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરતા તુરંત પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી મૃત્યુ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની એન્ટ્રી કરી છે.

આ ઉપરાંત અપમૃત્યુ અંગેના ચોથા બનાવની મળતી વિગતો મુજબ, હળવદ તાલુકાના નવા દેવળીયા ગામે રમેશભાઈ અંબારામભાઈ પટેલની વાડીએ આપઘાતની દુઃખદ ઘટના સામે આવી છે. ખેત મજૂરી કરતા અર્જુનભાઈ મનસુખભાઈ નાયકનો દીકરો જયેશકુમાર ઉવ.૨૩ વારંવાર પોતાના મોબાઈલમાં પબજી ગેમ રમતો હોય અને ખેતીના કામથી દૂર રહેતો હોય જેથી ગઈકાલ તા.૨૮/૦૫ના રોજ બપોરે જમતી વખતે પિતાએ આપેલ ઠપકા અંગે દુખી થયેલા જયેશકુમારે પોતાના ઘરના ઓરડીમાં લોખંડની એંગલ સાથે સાડીનો ગમછો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. જયારે ઘટના વિશે જાણ થતા પરિવારે તરત જ હોસ્પિટલ ખાતે લઈ જતા ત્યાં ડોક્ટરે જયેશભાઈને મરણ ગયા હોવાનું જાહેર કર્યું હતું. ત્યારે સમગ્ર બનાવ અંગે જાહેર કરનાર પિતા અર્જુનભાઈએ પોલીસ સમક્ષ આપેલી માહિતી આધારે હળવદ પોલીસે અ.મોત દાખલ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગરમાં ૪૧.૮૩ લાખના વિદેશી દારૂની ૧૭,૪૯૭ બોટલ પર બુલડોઝર ફેરવાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના એરપોર્ટ નજીક આજે પોલીસ અને નશાબંધી આબકારી વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અધિકારીઓએ ૪૧,૮૩,૫૨૭ની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો નાશ કર્યો છે.આ કાર્યવાહી જામનગર ગ્રામ્ય વિસ્તારના વિવિધ પોલીસ સ્ટેશનોમાં જપ્ત કરાયેલા દારૂના જથ્થા પર કરવામાં આવી છે. પંચકોશી એ ડિવિઝન, પંચકોશી બી ડિવિઝન અને કાલાવડ પોલીસ સ્ટેશનના કેસોમાં જપ્ત કરાયેલી કુલ ૧૭,૪૯૭ દારૂ-બીયરની બોટલો અને ટીનનો કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો છે.આ કાર્યવાહી દરમિયાન લાલપુર વિભાગના ASP પ્રતિભા, ગ્રામ્ય ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, પંચકોશી બી પોલીસ સ્ટેશનના PI વી.જે.રાઠોડ અને પંચકોશી એ પોલીસ સ્ટેશનના  શેખ સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા

# મોરબી પ્રેમ સંબંધના જૂના ખારને કારણે થયેલ મારામારીના બનાવમાં વળતી ફરિયાદ નોંધાઈ

## બન્ને પક્ષોની સામસામી ફરિયાદમાં પોલીસે એક મહિલા સહિત કુલ ૮ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાવડી રોડ કબીર આશ્રમ પાછળ ભક્તિનગર-૨ વિસ્તારમાં જૂના પ્રેમ સંબંધના ખારને પગલે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ધોકા, ઢીકાપાટુ તથા છુટ્ટા પથ્થરના ઘા મારી મારામારી થતાં બંને પક્ષના કુલ ૭ જેટલા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જે બનાવ અંગે પ્રથમ એક મહિલા સહિત ચાર વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ સામાપક્ષે પણ વળતી ફરિયાદ નોંધાવી છે, ત્યારે આ મારામારી કેસમાં કુલ ૮ આરોપીઓ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસે બીએનએસ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરના વાવડી રોડ ઉપર કબીર આશ્રમ પાછળ આવેલ ભક્તિનગર-૨ વિસ્તારમાં જુના પ્રેમ સંબંધના વિવાદમાં અગાઉ સમાધાન થયું હોય જે બાબતે ફરી ફોન ઉપર બન્ને યુવકો વચ્ચે બોલાચાલી થયા બાદના વિવાદે ગંભીરરૂપ ધારણ કર્યું હતું. પ્રથમ ફરિયાદમાં નરેશભાઈ પરમાર દ્વારા એક મહિલા સહિત ચાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ સામા પક્ષે વળતી ફરિયાદ નોંધાવી છે.

સામાપક્ષે નોંધાયેલ ફરિયાદ મુજબ ભક્તિનગર-૨ વિસ્તારમાં રહેતા રંજનબેન વાસુદેવભાઈ પરમાર ઉવ.૫૫ ની ફરિયાદ મુજબ, તેમના દીકરા વિષ્ણુભાઈ તથા તેની સામે રહેતી યુવતી વચ્ચે અગાઉથી પ્રેમ સંબંધ હતો. આ બાબતે અગાઉ સમાધાન પણ થયેલું હતું. તેમ છતાં, તા. ૨૭/૦૫ ની રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં આરોપી પ્રકાશભાઈ માધુભાઈ કંજારીયા તથા આરોપી મયંક ઉર્ફે ઉમેશ વિનુભાઈ પરમાર બાઇક લઈને રંજનબેનના ઘર બહાર આવ્યા હતા અને વિષ્ણુભાઈને બહાર બોલાવી બોલાચાલી શરૂ કરી હતી. ગાળો આપીને ઢીકાપાટુથી માર મારવામાં આવ્યો હતો. ત્યારે માધુભાઈ કેશુભાઈ કંજારીયા અને ધીરુભાઈ ઉર્ફે ધીરજભાઈ ગોવિંદભાઇ હડિયલ એ પણ ધોકા વડે રંજનબેનના પતિ સહિતના ઉપર હુમલો કર્યો હતો.

હાલ મારમારીમાં ઈજાગ્રસ્ત તમામ લોકોને ૧૦૮ મારફત મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવતા પોલીસે કુલ ૮ સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમાચાર સંક્ષીપતમાં

## મોરબીમાં નર્મદા કેનાલ સિંચાઈ માટે ફોર્મ નહીં ભરાતા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની ખાસ અપીલ

મોરબી-માળીયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ ખેડૂતોને નર્મદા યોજનાથી સિંચાઈ માટે આવશ્યક ફોર્મ ભરવા તાકીદ કરી છે. આજદિન સુધી કોઈ ગામમાંથી એક પણ ફોર્મ નહીં ભરાતા ચિંતા વ્યક્ત કરી છે તથા તાત્કાલિક કાર્યવાહી માટે અપીલ કરી છે.

મોરબી જીલ્લાના ખેડૂતો માટે મહત્વની ગણાતી નર્મદા યોજનાની માળિયા બ્રાન્ચ કેનાલ, ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલ અને મોરબી બ્રાન્ચ કેનાલમાંથી આવતા પાણી દ્વારા સિંચાઈ સુવિધા મેળવનાર ખાતેદાર ખેડૂતો માટે મહત્વની સૂચના જાહેર કરવામાં આવી છે. ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું કે, જે ખેડૂત મિત્રો આગામી ચોમાસુ પાક માટે નર્મદા યોજના અંતર્ગત સિંચાઈ માટે પાણી મેળવવા ઈચ્છે છે, તેમણે જરૂરી ફોર્મ ભરવા ફરજિયાત છે. માત્ર ફોર્મના આધારે જ કેનાલમાંથી પાણી છોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. ત્યારે તા. ૨૮ મે બુધવાર સુધીમાં મોરબી જીલ્લાના કોઈપણ ગામમાંથી એકપણ ખેડૂતનું ફોર્મ ભરાયું નથી, જેને કારણે તેમણે દુઃખ વ્યક્ત કરતાં તાત્કાલિક કાર્યવાહી માટે ખેડૂતો તથા ગ્રામ પંચાયતોને અપીલ કરી છે. કાંતિભાઈએ સરપંચ, આગેવાનો તથા ખેડૂત મિત્રો સાથે સંવાદ સાધીને વિનંતી કરી છે કે, તેઓ તાત્કાલિક નર્મદા યોજના વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓને પોતાના ગામ બોલાવીને, એક જ દિવસમાં વધુમાં વધુ ખાતેદાર ખેડૂતોના ફોર્મ ભરાવાની કાર્યવાહી કરે.


## મોરબી શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશ અને ગંદકી સામે દંડાત્મક કાર્યવાહી

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ૨૦ થી ૨૬ મે, ૨૦૨૫ દરમિયાન શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરનાર અને ગંદકી ફેલાવનાર આસામીઓ સામે કાર્યવાહી કરી કુલ રૂ.૩૯,૩૩૦/- નો દંડ વસૂલાયો છે. સાથે જ નાલા સફાઈ સહિતની પૂર્વ ચોમાસુ કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરમાં સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે તા. ૨૦/૦૫ થી ૨૬/૦૫ દરમ્યાન નિયમ ભંગ કરતા આસામીઓ સામે દંડની કાર્યવાહી અમલમાં મુકાઈ હતી. આ સમયગાળામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા કુલ ૫૬ આસામી સામે કાર્યવાહી કરી રૂ.૩૮,૦૩૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ગંદકી કરતા ૩ આસામી પાસેથી રૂ.૬૦૦/- તથા જાહેરમાં કચરો સળગાવનાર ૪ આસામી પાસેથી રૂ.૭૦૦/- એમ કુલ રૂ.૩૯,૩૩૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો. અત્યાર સુધીની કાર્યવાહીને આગળ વધારતાં, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે લીલાપર ગ્રામ પંચાયત, શ્રીમદ સોસાયટી તથા આસ્વાદ પાન પાસે આવેલા નાલાની સફાઈનું કાર્ય પણ હાથ ધર્યું છે. ડેપ્યુટી કમિશ્નરએ શહેરીજનોને અનુરોધ કર્યો છે કે તેઓ શહેરની સફાઈ જાળવવામાં સહયોગ આપે, ગંદકી ન ફેલાવે અને પ્લાસ્ટિક જેવા પ્રતિબંધિત સામાનનો ઉપયોગ ટાળે.

## હળવદમાં જૂની અદાવતના ખારમાં યુવકને ઢીકાપાટુનો માર મારી બાઇકમાં નુકસાની કરતા ચાર સામે ફરિયાદ

હળવદ તાલુકાના રાતાભેર ગામ નજીક રસ્તામાં બનેલ બનાવ અંગે અગાઉ થયેલ બબાલનો ખાર રાખી કારમાં આવેલ ચાર શખ્સો દ્વારા મોટરસાયકલમાં જતા યુવકને આંતરી ઢીકા પાટુનો માર મારી ધોકા વડે માર મારવામાં આવ્યો હતો, અને મોટરસાયકલમાં નુકસાની કરી જાનથી મારી નાખવાની ધમકી આપી કારમાં આવેલ ચારેય શખ્સો નાસી ગયા હતા. ત્યારે ભોગબનનાર યુવક દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, હળવદ તાલુકાના માથક ગામના રવિભાઈ રણછોડભાઈ સડાણીયા ઉવ.૨૧ની ફરિયાદ મુજબ, રવિભાઈને આરોપી નિખિલભાઈ રાજુભાઇ ગોહિલ રહે.માથક ગામ વાળાના ભાઈ સાથે અગાઉ માથાકુટ થયેલ હોય જે બાબતનો જુનો ખાર રાખી ફરીયાદી રવિભાઈ માથક ગામથી મોટર સાયકલ લઇને જતા હોય ત્યારે રાતાભેર ગામ જવાના રસ્તે આરોપી નિખિલભાઈ તથા વિશાલભાઈ તેમજ અજાણ્યા બે ઈસમો સહિત ચારેય આરોપીઓ મળી, હેરીયર ગાડીમા રવિભાઈની પાછળ જઈ ઉપરોક્ત સ્થળે રસ્તામા ફરીયાદીને ઉભો રખાવી ગાળો આપી હતી, જે બાદ રવિભાઈને ઢીકાપાટુનો માર મારી આરોપી નિખિલભાઈએ ફરીયાદીને પગમા ધોકાથી મારી મુંઢ ઇજાઓ કરી તેમજ રવિભાઈના મોટર સાયકલમા નુકશાની કરી તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી હતી, હાલ હળવદ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં નંદનપાર્ક સોસાયટીમાં પરપ્રાંતીય મહિલા પોતાની છ વર્ષની પુત્રી સાથે ગુમ



જામનગરમાં ઢીંચડા રોડ પર નંદન પાર્ક સોસાયટીમાં રહેતી અર્ચનાબેન સક્ષમકુમાર અગ્નિહોત્રી નામની ૩૬ વર્ષ ની પરપ્રાંતીય મહિલા પોતાની છ વર્ષની પુત્રી શ્રીન ને સાથે રાખીને લાપતા બની ગઈ છે, જેથી પરિવાર ભારે ચિંતામાં મુકાયો છે. તેઓના વતનમાં તેમજ અન્ય સગા સંબંધીઓ વગેરે તમામ જગ્યાએ તપાસ કરી લીધી હતી, પરંતુ માતા-પુત્રી બંનેનો કોઈ પત્તો સાંપડ્યો ન હતા. આખરે આ મામલા સીટીસી ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો અને જામનગરના સીટી સી. ડીવીઝન પોલીસ મથકમાં અર્ચનાબેન પોતાની પુત્રી સાથે લાપતા બની ગઈ હોવાની ગુમ નોંધ કરાવતા પોલીસ દ્વારા પણ બંનેની શોધખોળ ચલાવાઈ રહી છે.

# 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ને ના': વાંકાનેરના પંચાસર ગામે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા ખાસ ગ્રામસભા યોજાઈ



**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના પંચાસર ગામ ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે પ્લાસ્ટિક કચરા નો ઉપયોગ ઘટાડવા તેમજ પુનઃઉપયોગ અને રિસાયકલ અંગે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિક ના ઉપયોગને સીમિત કરવા ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર રાજ્યની સાથે મોરબીમાં પણ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની આ વર્ષની થીમ 'એન્ડિંગ પ્લાસ્ટિક પોલ્યુશન ગ્લોબલી'ના ભાગરૂપે વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. મોરબી સહાયક માહિતી નિયામકના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકાના પંચાસર ગામ ખાતે ગામના સરપંચ મહેબૂબભાઈ ભોરણીયાના અધ્યક્ષસ્થાને તેમજ પંચાયતના સભ્યોની ઉપસ્થિતિમાં પંચાસર ના તલાટી-મંત્રી તેજસ ડોડીયા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક અટકાવવા ના હેતુ સાથે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામ સભામાં ગ્રામજનોને પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરવા, ઉપયોગ ઘટાડવા તથા આ પ્લાસ્ટિકની વસ્તુઓનો પુન ઉપયોગ કે રિસાયકલિંગ કેવી રીતે કરી શકાય તે માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ગ્રામ સભામાં સર્વે ઉપસ્થિત દ્વારા 'સિંગલ યુગ પ્લાસ્ટિકને ના' એમ પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી.

# બાલાચડી સૈનિક સ્કૂલની મુલાકાત લઈ શિક્ષણ અને સુવિધાઓનું નિરીક્ષણ કરતા જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે બાલાચડી સ્થિત સૈનિક સ્કૂલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરએ શાળાની કાર્યપ્રણાલી, વિદ્યાર્થીઓને અપાતી સુવિધાઓ, અભ્યાસક્રમ, શાળાનો ઈતિહાસ, શાળાની વિવિધ પ્રવૃત્તિઓ અને માળખાગત સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.વિશેષમાં તેઓએ વાવાઝોડા અને અન્ય કુદરતી આપત્તિ સમયે શાળાની સ્થિતિ અને તેની તૈયારીઓ વિશે પણ જાણકારી મેળવી હતી.અને શાળામાં ખૂટતી સુવિધાઓ અંગે વહીવટી તંત્ર દ્વારા પૂરતો સહયોગ પૂરો પાડવામાં આવશે તેમ જણાવ્યું હતું.આ તકે કલેક્ટર સાથે સૈનિક સ્કૂલના આચાર્ય કર્નલ શ્રેયસ મહેતા, એડમીન ઓફિસર હરિરામ પુનિયા, વાઇસ પ્રિન્સિપાલ અને સ્ક્વોડર્ન લીડર રાકેશ તિવારી જોડાયા હતા જેઓએ કલેક્ટરને શાળાની વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

# મોરબીના પીપળી ગામે ૧૬૫ લીટર દેશી દારૂ સાથે પાંચ પકડાયા, મહિલા બુટલેગરનું નામ ખુલ્યું

## પાંચેય આરોપીઓને દારૂ વેચવા માટે રાખેલ વીસીપરા વિસ્તારની મહિલા બુટલેગરની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પીપળી ગામની સીમમાં અંબિકા એન્જી.પાછળ બાવળની કાંટમાં દેશી દારૂ લઈને બેઠેલા પાંચ ઇસમોને ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે પકડાયેલ આરોપીઓ પાસેથી કુલ ૧૬૫ લીટર દેશી દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો, જ્યારે દેશી દારૂ વેચવા રોજના રૂ.૧૦૦૦/-આપતી મહિલા બુટલેગરનું નામ ખુલતા, પોલીસે તેને ફરાર દર્શાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી તાલુકાના પીપળી ગામ નજીક તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન અંબિકા એન્જી. કારખાના પાછળ બાવળની કાંટના છાયે દેશી દારૂ લઈને બેઠેલા ૧)રાહુલભાઈ ભાણજીભાઈ ચૌહાણ ઉવ.૨૮ રહે.ભડીયાદ જીવરાજપાર્ક સોસાયટી મફતીયાપરા તા.જી.મોરબી, ૨)અલ્તાફભાઈ અનવરભાઈ ગની ઉવ.૧૯ રહે.મોરબી-૨ વીસીપરા કુલીનગર-૧, ૩)સંજયભાઈ હરીભાઈ ટીડાણી ઉવ.૧૯ રહે. મોરબી-૨ ઈન્દીરાનગર, ૪)કાદરભાઈ હુસેનભાઈ દીવાન ઉવ. ૨૬ રહે. મોરબી-૨ વીસીપરા કુલીનગર-૧ તથા ૫)અકરમભાઈ અનવરભાઈ શેખ ઉવ.૨૫ રહે.મોરબી-૨ વીશીપરા કુલીનગર-૧ વાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા, તાલુકા પોલીસે સ્થળ ઉપરથી ૧૩૫ લીટર દેશી દારૂ કિ.રૂ.૩૩,૦૦૦/- કબ્જે કર્યો હતો, જ્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં આ દેશી દારૂ મોરબી વીસીપરા વિસ્તારમાં રહેતી બુટલેગર ડિમ્પલબેન હિતેશભાઈ રાઠોડનો છે, અને આ પાંચેય આરોપીઓને રોજના રૂ.૧૦૦૦/- લેખે દારૂ વેચવા માટે દહાડીમાં રાખ્યા હોવાની કબૂલાત આપતા, પોલીસે આરોપી મહિલાને ફરાર દર્શાવી કુલ ૬ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના રવાપર આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે 'મેનસ્ટ્રુઅલ હાઈજિન ડે'ની ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહિલાઓમાં માસિક ચક્ર દરમિયાન સ્વચ્છતા અને આરોગ્ય જાળવવાની જાગૃતિ વધે તે હેતુસર 'મેનસ્ટ્રુઅલ હાઈજિન ડે' નિમિતે મોરબીના રવાપર ગામે આવેલ આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

રાજપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તાબા હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મહિલાઓ અને યુવતીઓને માસિક ચક્ર દરમિયાન પાલન કરવાની સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસર ડો. હિરલ સનારીયા અને આરોગ્ય કર્મીઓ દ્વારા પેડના યોગ્ય ઉપયોગ, નિકાલ અને વૈજ્ઞાનિક રીતે જાતે સ્વચ્છ રહેવા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ તકે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવ અને આર.સી.એચ. અધિકારી ડો. સંજય શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા






કાર્યક્રમમાં કિશોરીઓની હેમોગ્લોબિન ચકાસણી સાથે તેમનું વજન અને ઉંચાઈ પણ નોંધવામાં આવ્યા હતા. ઉપરાંત મફતમાં સેનિટરી પેડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મોરબી તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાહુલ કોટડીયા, ટી.એચ.વી. અંજુબેન, એફ.એચ.એસ. ગીતાબેન અને કોમ્યુનિટી હેલ્થ ઓફિસર પ્રગ્નેશ પટેલે ઉપસ્થિત લોકોને માસિક ધર્મ દરમિયાન આરોગ્ય જાળવવા માટે જાગૃત થવાની તેમજ અન્ય મહિલાઓને પણ જાગૃત કરવાની અપીલ કરી હતી.

# સરગમ ક્લબ દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧/૦૬/૨૦૨૫ ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને શ્રીમતી ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલીયા (કશ્યપ જવેલર્સ દુબઈ) અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૬/૨૦૨૫ થી ૩/૦૬/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૬/૨૦૨૫ થી ૩/૦૬/૨૦૨૫ સુધી જૂન માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૬/૨૫ ને રવિવ-ાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં. ૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલીયા (કશ્યપ જવેલર્સ દુબઈ) ના પરિવારનો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલીયા તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

## રાજકોટ શહેરમાં રિમોટ સંચાલિત ડ્રોન, સહિતના ઉપકરણો ઉડાડવા પર પોલીસ કમિશનરનો પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવગ્રસ્ત સંજોગોને ધ્યાને લેતાં, જાહેર સલામતી તથા કાયદો-વ્યવસ્થાના જતન માટે રાજકોટ શહેરમાં રીમોટ સંચાલિત ડ્રોન સહિતના ઉપકરણો ઉડાડવા પર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ અંગે જારી કરાયેલા આદેશોમાં જણાવાયું છે કે, રાજકોટ શહેર પોલીસ કમિશનરેટની હદમાં રીમોટથી સંચાલિત ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર / પેરા ગ્લાઈડર, પેરા મોટર, હોટ એર બલૂન, પેરા જમ્પિંગ ચલાવવાની / કરવાની તથા કોઈપણ પ્રકારના ડ્રોન ઉડાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ આદેશો ૨૮મી મેથી ૩૧મી મેના રોજ રાતે ૨૪ કલાક સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર સજાને પાત્ર ઠરશે. પોલીસ વિભાગ, સુરક્ષા બળો તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને ઉપરોક્ત સંસાધનોના ઉપયોગમાંથી મુક્તિ અપાઈ છે.

# રાજકોટ મનપા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કત વેરા તથા પાણી વેરા ભરપાઈમાં "વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ"માં કુલ-૨૧૧૭ કરદાતાઓએ ભાગ લીધો

અર્લિ બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમમાં તા.૦૯-૦૪-૨૦૨૫ થી તા.૨૭-૦૫-૨૦૨૫ સુધીમાં કુલ-૨,૮૫,૦૦૮ કરદાતાઓએ રૂ.૧૯૪.૪૨ કરોડ વેરો ભરપાઈ કર્યો કુલ ભરપાઈ કરેલ વેરામાં રૂ.૨૧.૨૮ કરોડ જેટલી રકમનું ડિસ્કાઉન્ટ આપવામાં આવેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઈ કરવા માટે તારીખ-૦૯-૦૪-૨૦૨૫ના રોજથી વેરાની વસુલાત ચાલુ થયેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાના બાકીદારોને રાહત મળી રહે તે હેતુ થી "વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ" અમલમાં મુકવામાં આવેલ છે. આ સ્કીમ દ્વારા કરદાતાઓને વાર્ષિક ધોરણે ચાર હપ્તાથી જુનું ચડત + ચાલુ વાર્ષ બાકી વેરો નિયત સમય મર્યાદામાં ભરપાઈ થવાથી મિલકતવેરામાં નવુ ચડત થતું વ્યાજ બંધ થાય છે. "વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ"માં કુલ કરદાતાઓ ૨૧૧૭ કરદાતાઓએ ભાગ લીધો છે તથા "વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ" યોજના ૩૧-૦૫-૨૦૨૫ સુધી અમલી રહેશે. આ યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ છે.

તારીખ-૨૭-૦૫-૨૦૨૫ના રોજ કુલ-૨,૮૫,૦૦૮ કરદાતા દ્વારા રૂ.૧૯૪.૪૨ કરોડની વસુલાત થવા પામેલ છે. જેમાં કુલ ૨,૧૧,૬૪૨ કરદાતા દ્વારા ઓનલાઇન રૂ.૧૩૦.૩૬કરોડ તથા ૭૩,૩૬૬ કરદાતા દ્વારા ચેક તથા રોકડા થી રૂ.૬૪.૦૬ કરોડ આવક થયેલ છે. કુલ વેરામાં ૨૧.૨૮ કરોડ જેટલી માતબર રકમનું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઇ કરનારને આપવામાં આવેલ છે. અર્લિ બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમનો લાભ લઇ કુલ ૨,૮૫,૦૦૮ કરદાતાઓએ વેરાની ચુકવણી કરેલ છે. તદુઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં બાકી મિલકત વેરા-વસુલાત સામે વોર્ડ નં-૭માં કુલ-૧૭ મિલકતોને સીલ તથા વોર્ડ નં-૩માં કુલ-૩ મિલકતોને સીલ કરવામાં આવેલ છે.

આ ડિસ્કાઉન્ટ યોજના હેઠળ ૩૧-૦૫-૨૦૨૫ સુધી સામાન્ય કરદાતાઓને ૧૦% ડિસ્કાઉન્ટ અને મહિલાઓ માટે ૧૫% ડિસ્કાઉન્ટનું પ્રદાન કરવામાં આવે છે. ત્યાબાદ ૧ જુન ૨૦૨૫ થી ૩૦ જુન ૨૦૨૫ સુધી મહિલાઓ માટે ૧૦% ડિસ્કાઉન્ટ અને સામાન્ય કરદાતા માટે ૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. જેથી રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ તમામ મિલકતધારકોને આ બંને યોજનાઓનો લાભ લેવા નમ્ર અરજ કરવામાં આવે છે.

# વોકહાર્ટ હોસ્પિટલે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી 'બાળપણ સાથે કોઈ બાંધછેડ નહીં' અભિયાન સાથે કરી



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટે વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે 'બાળપણ સાથે કોઈ બાંધછોડ નહીં. ઓળખો. રોકો. સહારો આપો." નામનું હૃદયસ્પર્શી જાહેર આરોગ્ય અભિયાન શરૂ કર્યું - જેનો ઉદ્દેશ્ય બાળપણથી તમાકુ વપરાશ અંગે જાગૃતિ ફેલાવવાનું અને તેના લાંબા ગાળાના આરોગ્ય પરિણામો સામે ચેતવણી આપવાનું છે.

આ અભિયાનની શરૂઆત રાજકોટની માતાઓ દ્વારા થયેલા અણમોલ અને અનાયાસ ચેતવણીરૂપ પગલાથી થઈ - જેમાં મહિલાઓએ દસ રૂપિયાનાં નોટ પર "તમાકુ માટે નહીં" જેવા સંદેશાઓ લખવાનું શરૂ કર્યું હતું. વોકહાર્ટ હોસ્પિટલ્સે આ લોકલ સ્તરે શરુ થયેલા આંદોલનને વધુ આગળ ધપાવીને, શાળાઓમાં જાગૃતિ કાર્યક્રમો, મફત મોઢા અને ગળાના કેન્સર ચકાસણીઓ અને માતા-પિતા માટે ઇન્ટરએક્ટિવ વર્કશોપ્સ જેવા કાર્યક્રમો સાથે એક વ્યાપક અભિયાન શરુ કર્યું છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના ડૉ. પ્રશાંત વણઝર (મિનિમલી ઈન્વેસિવ અને લૅપ્રોસ્કોપિક ઑન્કોસર્જન), ડૉ. હિમાંશુ કોયાણી (ઑન્કો સર્જન), ડૉ. રાહુલ ચૌધરી (ઑન્કો ફિઝીશિયન), ડૉ. રાહુલ મિશ્રા (રેડીએશન થેરાપી), ડૉ. દર્શન પટેલ (હેડ એન્ડ નેક ઑન્કોસર્જન), ડૉ. રવિરાજસિંહ ગોહિલ (હેડ એન્ડ નેક ઑન્કોસર્જન), ડૉ. દર્શન નિમાવત (ચેસ્ટ સ્પેશિયાલિસ્ટ અને ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજિસ્ટ), ડૉ. વસુંધરા સાંગવાન (મનોવિજ્ઞાની), સેન્ટર હેડ ડૉ. દુષ્યંત પટેલ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વોકહાર્ટના વિશેષજ્ઞોએ યુવાનોમાં વધી રહેલા તમાકુના આરોગ્ય જોખમો અંગે પણ પ્રકાશ પાડયો

ડૉ. પ્રશાંત વણઝર (મિનિમલી ઈન્વેસિવ અને લૅપ્રોસ્કોપિક ઑન્કોસર્જન) "તમાકુની અસરો તરત જ દેખાતી નથી, પણ તે આંતરિક અને ગંભીર બીમારીઓ તરફ દોરી જાય છે, જે સર્જરી સુધી પણ લઈ જાય છે. આજે જેને રોકી શકાય તે આવતીકાલે ઓપરેશનની જરૂર બનવી જોઈએ નહીં."

ડૉ. હિમાંશુ કોયાણી (ઑન્કો સર્જન) "અમને હવે વધુ યુવાન દર્દીઓમાં ઘાતક કેન્સર જોવા મળે છે - ખાસ કરીને તમાકુના ઉપયોગના કારણે. આ હવે જૂજ ઘટનાઓ રહી નથી, પણ એક મોટી સામાજિક આરોગ્ય સમસ્યા છે."

ડૉ. રાહુલ ચૌધરી (ઑન્કો ફિઝીશિયન) "તમાકુજન્ય કેન્સરનો ઈલાજ ખૂબ જ શારીરિક, માનસિક અને આર્થિક બોજ ઉભો કરે છે. વહેલી તકે થતી રોકથામ, ઉંડી સારવાર કરતાં ઘણું વધુ અસરકારક છે."

ડૉ. રાહુલ મિશ્રા (રેડીએશન થેરાપી) "રેડીએશન થેરાપી એક મજબૂત ઈલાજ છે પણ તેના સાથો સાથ અનેક સાઈડ ઈફેક્ટ્સ પણ છે. એ માટે તમાકુથી બચવું, તેની સારવાર કરતાં હંમેશાં શ્રેષ્ઠ છે."

ડૉ. દર્શન પટેલ (હેડ એન્ડ નેક ઑન્કોસર્જન) "અમે દરરોજ તમાકુ ખાવાથી થતા જડબા, મોઢા અને ગળાના કેન્સર માટે કઠિન સર્જરી કરીએ છીએ. ઘણીવાર મોઢાની સંપૂર્ણ રચના કરીથી બનાવવી પડે છે - એ પણ માત્ર એક નાનાં ગુટખાનાં પેકેટથી શરૂ થયેલી વાત છે."

ડૉ. રવિરાજસિંહ ગોહિલ (હેડ એન્ડ નેક ઑન્કોસર્જન) "મોઢા અને ગળાના ૯૦% કેન્સર તમાકુના કારણે થતી બીમારીઓ છે - અને ટાળી શકાય તેવી છે. સોપારીનું સેવન, જે આપણા વિસ્તારમાં વધુ સામાન્ય છે, તે પણ એક સ્વતંત્ર કાર્સિનોજેન છે. તમાકુ છોડી દેવું મુશ્કેલ છે, પણ અસંભવ નથી. તમારાં પરિવારને સાચવવા માટે તમાકુ છોડો.

ડૉ. દર્શન નિમાવત (ચેસ્ટ સ્પેશિયાલિસ્ટ અને ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજિસ્ટ) "ધુમ્રપાન COPD, ક્રોનિક બ્રોન્કાઈટીસ, ફેફસાંનો કેન્સર અને ILD જેવી બીમારીઓ માટે મોટો જોખમ છે. તમાકુ આરોગ્ય નહીં, મૃત્યુ તરફ લઈ જાય છે. તમાકુ નહીં, જીવન પસંદ કરો."

ડૉ. વસુંધરા સાંગવાન (મનોવિજ્ઞાની) "તમાકુનો ઉપયોગ, ખાસ કરીને ચાવવાની પ્રક્રિયા માનસિક બીમારીઓ જેમ કે ડિપ્રેશન અને એન્ઝાયટી સાથે પણ સંકળાયેલી છે. ઘણા લોકો સ્ટ્રેસ દૂર કરવા તમાકુ ખાય છે, પરંતુ એ તેમના માનસિક સ્વાસ્થ્યને વધારે બગાડે છે. સૌથી અગત્યનું, માનસિક આરોગ્ય સંભાળમાં તમાકુ છોડવાને સમાવિષ્ટ કરવું, જેમાં અનુરૂપ કાઉન્સેલિંગ અને દવાનો સમાવેશ થાય છે, તે સર્વાંગી સુખાકારી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

કાર્યક્રમના અંતે "અ નોટ ટૂ રીમેમ્બર" નામની પ્રતીકાત્મક સ્થાપન સાથે રજૂ કરવામાં આવી - જેમાં સ્થાનિક માતાઓના હસ્તલિખિત સંદેશાવાળી નોટો પ્રદર્શન માટે મુકાઈજેને સામાન્ય નોટોને જાહેર આરોગ્યના શક્તિશાળી સંદેશોમાં ફેરવી દીધી.

વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દરેક શિક્ષક, માતા-પિતા અને નીતિનિર્માતાને આગ્રહપૂર્વક આમંત્રણ આપે છે કે તેઓ ભવિષ્યની પેઢી માટે તમાકુમુક્ત વાતાવરણ બનાવવા સહભાગી બને. કારણ કે જ્યારે બાળકોના આરોગ્યની વાત આવે છે ત્યારે કોઇ સમજૂતી ચાલતી નથી.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના સેન્ટર હેડ ડૉ. દુષ્યંત પટેલે જણાવ્યું કે, "આ અભિયાન આપણા બાળકોના તંદુરસ્ત ભવિષ્ય માટેનો સામૂહિક અભિયાન છે. જ્યારે કોઈ માતા દસ રૂપિયાની નોટ પર 'તમાકુ માટે નહીં' લખે છે, ત્યારે તે ફક્ત ચેતવણી જ નથી - તે પરિવર્તનનો પોકાર છે. આ અભિયાનથી અમે એ માતાઓની અપીલને સમૂહિક ઝુંબેશમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ."

વિશ્વ માસિકસ્ત્રાવ સ્વચ્છતા દિવસ

# જેતપુરમાં કિશોરીઓને માસિકચક્ર અને માસિકસ્ત્રાવ દરમિયાન સ્વચ્છતાનું મહત્વ સમજાવાયું

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ તથા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દર વર્ષે તા. ૨૮ મેના રોજ સમાજમાં માસિકચક્ર બાબતે જાગૃતિ કેળવવા માટે 'વિશ્વ માસિકસ્ત્રાવ સ્વચ્છતા દિવસ (મેન્સ્ટ્રુઅલ હાયજીન ડે)'ની ઉજવણી કરવામાં આવે છે. જે નિમિત્તે જેતપુરમાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ તથા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે માસિકચક્ર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.



આ કાર્યક્રમમાં કિશોરીઓને માસિકચક્ર તથા માસિકસ્ત્રાવ દરમિયાન સ્વચ્છતા અંગે સમજૂતી આપવામાં આવી હતી. જેમાં માસિકચક્રનું સામાન્ય જ્ઞાન, માસિકસ્ત્રાવ દરમિયાન સ્વચ્છતાનું મહત્વ, માસિકચક્રની અનિયમિતતાના કારણો, સેનેટરી પેડ અને મેન્સ્ટ્રુઅલ કપના ઉપયોગ તથા ફાયદાઓ સહિતના વિષયોને આવરી લેવામાં આવ્યાં હતાં.

ઉપરાંત, ઊંચાઈ અને વજનની ચકાસણી કરીને બી.એમ.આઇ. પરથી આરોગ્ય અંગે સલાહ આપવામાં આવી હતી. કિશોરીઓનું હીમોગ્લોબિન ટેસ્ટ કરીને એનિમિયા કરેક્શન કરવામાં આવ્યું હતું. એનિમિયા કરેક્શન માટે ડીવોર્મિંગ અને આઇ.એફ.એ. (આયર્નની દવાઓ) આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો લાભ કુલ ૩૦ કિશોરીઓએ લાભ લીધો હતો.

આ તકે આર.બી.એસ.કે. મેડિકલ ઓફિસર ડો. જયેશભાઈ પાઘડાળ, મેડિકલ ઓફિસર ડો. રાધિકાબેન હીરપરા, એફ.એચ.ડબલ્યુ. મોતીબેન નંદાણીયાં અને અર્બન એફ.એચ.ડબલ્યુ. દિવ્યાબેન વસોયા ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગરના પીજીવીસીએલના લાઈનમેન નું ચાલુ ફરજ દરમિયાન હૃદય બંધ પડી જતાં અપમૃત્યુ

કનસુમરા ગામમાં અન્ય સ્ટાફ સાથે કામગીરી દરમિયાન ચાલુ ફરજે હૃદય બેસી જતાં મૃત્યુ નીપજવાથી પરિવાર શોકમગ્ન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ભીમવાસ વિસ્તારમાં રહેતા અને જામનગરની પીજીવીસીએલ ગ્રામ્ય વિભાગની કચેરીમાં ફરજ બજાવતા એક વીજ કર્મચારી નું કનસુમરા ગામમાં ચાલુ ફરજ દરમિયાન એકાએક હૃદય બંધ પડી જતાં મૃત્યુ નિપજ્યું છે. જેથી વિજ તંત્રના અન્ય સ્ટાફમાં તેમજ મૃતક ના પરિવારમાં ભારે શોકની લાગણી છવાઈ છે.મૃતક ના મોટાભાઈ જામનગરના નિવૃત્ત એ.એસ.આઈ. દ્વારા પોલીસને જાણ કરાતાં પોલીસે મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરના જૂના રેલ્વે સ્ટેશન પાસે રહેતા અને જામનગરના પોલીસબેડામાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત પોલીસ અધિકારી તુલસીભાઈ લખુભાઈ વાઘેલા ના નાના ભાઈ દિનેશભાઈ લખુભાઈ વાઘેલા (૫૦) કે જેઓ જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી ના ગોકુલનગર સબ ડિવિઝનમાં ફરજ બજાવે છે, અને તેઓ પોતાના અન્ય સાથી કર્મચારીઓ સાથે ગત ૨૪ મી તારીખે કનસુમરા ગામમાં મહાજન વાસ વિસ્તારમાં ફરજ બજાવી રહ્યા હતા. જે દરમિયાન તેઓને એકાએક હૃદય રોગનો હુમલો આવી ગયો હતો, અને બેશુદ્ધ બન્યા હતા. જેઓને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ તેઓનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કરાતાં વિજ કર્મચારીના અન્ય સ્ટાફમાં ભારે શોક ની લાગણી છવાઈ હતી. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ નિવૃત પોલીસ અધિકારી ટી.એલ.વાઘેલાએ પોલીસને જાણ કરતાં પંચકોસી બી. ડિવિઝનના એએસઆઈ વાય.વી.જાડેજાએ મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

વિજ કર્મચારીનું ચાલુ ફરજ દરમ્યાન આકસ્મિક નિધન થવાથી જામનગરના વિજ તંત્રમાં પણ શોક છવાયો છે.

## ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ મહિલા એડવોકેટ, નોટરી સ્વ.ઈલાબેન ઉપાધ્યાય પાણેરીની વાર્ષિક પુણ્યતિથિ કરાયા સેવાકાર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે તા ૨૯ ના ગુજરાત હાઈકોર્ટ ના વરિષ્ઠ એડવોકેટ ભારત સરકાર ના નોટરી કાયદા ના રક્ષક ના બિરુદ થી સન્માનિત સ્વ ઈલાબેન ઉપાધ્યાય પાણેરી ની આજે બીજી વાર્ષિક પુણ્યતિથિ છે. પોતાની પચ્ચીસ વર્ષ ની ઝળહળતી કાયદાકીય કારકિર્દી મા સ્વ ઈલાબેન એ અનેક જરૂરિયાતમંદો ને કાયદાકીય મદદ કરી આશીર્વાદ મેળવ્યા છે ત્યારે આજે તેમની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તેવતન ગોંડલ ખાતે ગૌશાળા મા દાન કરવું, દરિદ્ર નારાયણો ને ભોજન કરાવવું જેવા સેવાકાર્યો કરીને તેમના પરિવારે શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

# પોપટપરામાં ચોરી કરવા આવેલા વાંકાનેરના તસ્કરને લોકોએ માર મારી પોલીસ હવાલે કર્યો

પોલીસે મારથી ઘવાયેલા શખ્સને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેરમાં આવેલા નવાપરા વિસ્તારમાં રહેતો તસ્કર રાજકોટમાં પોપટપરા વિસ્તારમાં ચોરી કરવા માટે ધુસ્યો હતો. ત્યારે લોકોએ તેને ઝડપી લઈ મેથીપાક ચખાડયો હતો. ઝડપાયેલા તસ્કરને પોલીસ હવાલે કરતા ઈજાગ્રસ્ત તસ્કને સારવાર માટે ખસેડાયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ વાંકાનેરમાં આવેલા નવાપરા



વિસ્તારમાં રહેતો નવઘણ ભલુ વિકાણી (ઉ.વ.૨૨) રાજકોટમાં ધુસ્યો હતો. ત્યારે લોકોએ તેને ઝડપી લઈ મારમાર્યો હતો. ઘટના અંગે જાણ કરતા પ્રનગર પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે લોકોના મારથી ઘવાયેલા તસ્કરને સારવાર માટે સિવિલ હોસિપટલમાં દાખલ કર્યો હતો. આ અંગે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.


# ભાવનગરમાં મહિલા પોલીસના પુત્રની છરીના ઘા ઝીંકી હત્યા અરેરાટી

મૃતક ખુનનાં ગુનામાં જામીન પર છુટયો હતોઃ માતા એએસઆઇ છે

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાં બપોરના સમયે મહિલા એ.એસ.આઈ. ના પુત્ર ઉપર બે શખ્સો એ છરીના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી નાખી વહતા. બનાવ ની જાણ થતા જ પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો.

આ બનાવની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના સુભાષ નગર પંચવટી ચોક પાસે આજે બપોરના સમયે કેવલ દિલીપભાઈ



વાઘોશી ગઢવી પોતાના સર્વિસમાં મુકેલી કાર લેવા ગયો હતો તે દરમિયાન બે શખ્સોએ તેના ઉપર છરી વડે ગળા અને પેટના ભાગે જીવલેણ હુમલો કરી નાસી છૂટયા હતા. આ બનાવમાં ઘટના સ્થળે જ કેવલ નું મોત નીપજ્યુ હતું. બનાવ ની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સીસીટીવી ના આધારે ફરાર થઈ ગયેલા આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. મરનાર કેવલ ની માતા રેખાબેન ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. તેઓ પણ આ બનાવ વાની જાણ થતા દોડી આવ્યા હતા અને તેમના હૈયાફાટ રુદન થી વાતાવરણમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. લોકોના ટોળા એકઠા થયા હતા. જૂની અદાવતને કારણે આ હત્યા થઈ હોવાનું જાણવા મળેલ છે. મૃતક યુવાન પણ હત્યા કેસમાં જેલમાં જઈ આવેલ હોવાનું અને જામીન ઉપર છૂટ્યો હોવાનું જાણવા મળેલ છે. આ બનાવ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકઃ કરોડોના વિકાસ કામોને અપાશે મંજુરીઃ સ્ટેન્ડિંગ સમક્ષ કુલ ૭૬ દરખાસ્ત મુકાઇ

# નરસંગપરામાં પાણી ભરતી વખતે વીજશોક લાગતા પરિણીતાનું મોત

શાપરમાં અકસ્માતે ગબડી પડેલી મહિલાએ દમ તોડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જૂની કલેક્ટર કચેરી પાછળ આવેલા નરસંગપરામાં રહેતી પરિણીતા પોતાના ઘરે પાણી ભરતી હતી. ત્યારે અકસ્માતે વીજશોક લાગતા મોત નીપજ્યુ હતુ. પરિણીતાના મોતથી પુત્રએ માતાની મમતા ગુમાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. નરસંગપરમાં રહેતી કાજલબેન કાળુભાઈ મજેઠીયા નામની ૩૨ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે વહેલી સવારે પાણી ભરતી વખતે વીજશોક લાગતા બેભાન હાલતમાં ઢળી પડી હતી. પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયા તેણીનું મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. મૃતક પરિણીતાને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.



બીજા બનાવમાં શાપરમાં આવેલા શીતળા માતાજીના મંદિર પાસે રહેતી નીતાબેન ઉમેશભાઈ સોલંકી નામની ૨૭ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે અકસ્માતે ગબડી પડી હતી. પરિણીતાનું સારવ-ારમાં મોત નીપજતા પરિવાર શોમાં ગરકાવ થઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

**શહેરમાં વધુ એકવાર લુખ્ખાઓ બન્યા બેફામ**

# નિર્મળા રોડ પર કાફેમાં તોડફોડ કરી લુખ્ખાએ ફેંકયો પોલીસને ખુલ્લો પડકાર



## મારે ક્રસ એન્ડ ક્રેવ કાફેના ડિલવરી બોય સાથે થયેલી માથાકુટનો ખાર રાખી માથાભારે શખ્સે મચાવ્યો આતંક: રૂ.30 હજારનું નુકસાન કરી વેપારીને જાનથી મારી નાખવાની આપી ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી સરાજાહેર મારામારી કરી લુખ્ખાઓ બેફામ બની પોલીસને ખુલ્લો પડકાર ફેંકતા હોય તેવી ઘટના રોજબરોજ સોશિયલ મીડિયામાં વાયરલ થઇ રહી છે. ત્યારે વધુ એક આવી ઘટના શહેરના હાર્દસમા નિર્મળા મેઇન રોડ પર બનવા પામી છે. ડિલવરી બોય સાથે થયેલી માથાકુટનો ખાર રાખી લુખ્ખાએ સરાજાહેર કાફેમાં તોડફોડ કરી વેપારીને ધમકી આપ્યાની ઘટના પ્રકાસમાં આવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ ઘટનાની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના રૈયા રોડ પર આવેલા બાપાસીતારામ ચોક પાસે એપાર્ટમેન્ટમાં રહેતા અને નિર્મળા મેઇન રોડ પર સોનાલી રેસ્ટોરન્ટની સામે મારે ક્રસ એન્ડ ક્રેવ નામે કાફે ચલાવતા વેપારી ધાર્મીકભાઇ રાજેનભાઇ બલદેવએ ગાંધીગ્રામ પોલીસમાં યશોધનસિંહ જેઠવા નામના શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ગઇ તા.૨૫-૫ના રાત્રીના ૧૦:૩૦ વાગ્યે પોતે પોતાના કાફેમાં હતા ત્યારે આ યશોધનસિંહ જેઠવાએ પોતાના ફોનમાંથી સ્વીગી વાળા સાથે સામાન્ય અકસ્માત થતા કોઇ સ્વીગી ડિલવરી વાળા સાથે જગડો કરતો હોય જેથી કાફેના માલિકના નાના ભાઇ જયભાઇ તેને છૂટા પાડવા ગયા હતા. ત્યારે વચ્ચે પડેલા જયભાઇ સાથે આ નામચીન યશોધનસિંહએ બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. બાદમાં બન્ને પક્ષે સમાધાન થઇ ગયું હતું. ત્યાર બાદ થોડીવાર પછી આ શખ્સ ફરીવખત આવી તને જોઇ લઇશ, તારા તાટીયા ભાંગી નાખીશ તેવી ધમકી આપી કાફે ઉપર છૂટા પથ્થરના ઘા ફેંકી અને લાકડાના ધોકા વડે હુમલો કરી કાફેના કાચ તોડી નાખ્યા હતા અને ત્યાં પાર્ક કરેલુ સ્કૂટીમાં તોડફોડ કરી રૂ.30 હજારનું નુકસાન કરી નાસી ગયો હતો. બનાવ બાદ શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી જાણ કરતા પોલીસની પીસીઆર ઘટના સ્થળે દોડી આવી હતી અને આ ઘટના અંગે ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાવતા પીએસઆઇ ધર્મરાજસિંહ દિલિપસિંહ જાડેજાએ ગુન્હો નોંધી હુમલાખોર યશોધનસિંહ જેઠવાની શોધખોળ શરૂ કરી છે.

# બસ સ્ટેશન પાછળ જય અંબે ટી સ્ટોર પાસે ૯૫ હજારના એમડી સાથે શખ્સની ધરપકડ





**મારામારીના ગંભીર ગુન્હાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલો નામચીન શખ્સ પાસામાં ધકેલાયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આવેલ સ્કૂલ-કોલેજોની આસપાસ ડ્રગ્સ પેડલરોએ ડેરાતંબુ તાણી માદક પદાર્થોનું વેંચાણ કરી શિક્ષિત યુવા ધનને નશાના રવાડે ચડાવી અધોગતી તરફ ધકેલવાનું ષડયંત્ર ચાલી રહ્યું હોય જેનાં પગલે રાજકોટ શહેર પોલીસ દ્વારા સે નો ટો ડ્રગ્સ મીશન અંતર્ગત નાર્કોટીશ પદાર્થોનું ખરીદ વેંચાણ કરતા કે સેવન કરતા શખ્સો સામે કાર્યવાહી શરૂ કરી છે. ત્યારે એસઓજીની ટીમે શહેરના એસટી બસ સ્ટેશન પાછળ આવેલ જય અંબે ટી સ્ટોર પાસેથી ૯૫ હજારના માદક પદાર્થ મેફેડ્રોન સાથે સણવા ગામના શખ્સને દબોચી લઇ રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી મહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી શહેરમાં યુવાધન નશાના રવાડે ના ચડે અને નાર્કોટીશ પદાર્થોનું વેંચાણ અટકાવવા સ્પેશિયલ મિશન અંતર્ગત કાર્યવાહી કરવાની સુચના આપતા એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઇ વી.વી.ધ્રાંગુ, એએસઆઇ વિરેન્દ્રસિંહ, હેડ કોન્સ. ઇન્દુભા, મૌલિકભાઇ, દિગ્વિજયસિંહ, ફિરોજભાઇ અને કોન્સ. હાર્દિકસિંહ પરમાર સહિતનો સ્ટાફ બસસ્ટેશનની આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હેડ. કોન્સ. ઇન્દુભા અને હાર્દિકસિંહને મળેલ ચોક્કસ બાતમીના આધારે પોલીસે કનક રોડ પર બસ સ્ટેશન પાછળ જય અંબે ટી સ્ટોર નામની દુકાન પાસે વોંચ ગોઠવી હતી. તે દરમીયાન બનાસકાંઠાના ભાભર તાલુકાના સણવા ગામનો ધર્મેશ ઉર્ફે નરેન્દ્ર ઉર્ફે લાલો બાબુ ભાટી નામનો શખ્સ શંકાસ્પદ રીતે શેરીમાં ઉભો હોય પોલીસે તેની અટકાયત કરી અંગઝડતી લેતા તેના કબ્જામાંથી ૯.૫૬ ગ્રામ માદક પદાર્થ મેફેડ્રોન કિંમત રૂ.૯૫૬૦૦નો જથ્થો મળી આવતા પોલીસે એક મોબાઇલ અને રોકડા રૂપિયા સહિત કુલ રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જયારે અન્ય એક બનાવમાં શહેરના મવડી મેઇન રોડ પર વિશ્વેશ્વર મંદિર પાછળ મારૂતિનંદન નગરમાં રહેતો નામચીન શખ્સ પ્રીતેષ ઉર્ફે દિકુ અલ્પેશ ગોટેચા નામના લોહાણા શખ્સને માલવીયા નગર પોલીસે અટકાયતમાં લઇ ઇગુજકોટ પ્રોજેકટમાં આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ ચેક કરી પીઆઇ જે.આર.દેસાઇ સહિતના સ્ટાફે તેના પાસાની દરખાસ્ત તૈયાર કરી શહેર પોલીસ કમિશનરને મોકલાવવામાં આવતા અને તેના પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મહોર લગાવી દેતા પાસાનું વોરંટ બજવણી કરી આ નામચીન શખ્સને સુરત મધ્યસ્થ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે. આ શખ્સ ઉપર અગાઉ મારામારી, હત્યાની કોશીશ સહિતના ગંભીર ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે.

# એરપોર્ટ રોડ પર સખીયાનગરમાં માતાએ ભણવા મુદ્દે ઠપકો આપતા પુત્રએ ઘર તરછોડયું

**પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીની કલાકોમાં સગીરને શોધી કાઢયો**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ પર રહેતાં પરિવારના બાળુડને માતા ભણવામાં આપવાનું કહેતા માઠુ લાગી ગયું હોય અને ઘર છોડીને ચાલ્યો ગયો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરતાં પોલીસે મુખ્ય માર્ગોના સીસીટીવી ફુટેજ તપાસી બાળકને બીગ બજાર પાસેથી શોધી તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ એરપોર્ટ રોડ પર સખીયાનગર શેરી નં.૪માં રહેતા ભાવેશભાઈ ભટ્ટનો સગીર વયનો પુત્ર કોઈને કહ્યા વગર ઘરેથી બપોરે બે વાગ્યે ક્યાંક જતો રહ્યો હોય રાત્રિનાં નવ વાગ્યા સુધી સંબંધીઓ અને મિત્રોને ત્યાં તપાસ કરતાં પુત્ર મળી આવ્યો ન હતો. જેથી પરિવારે તુરંત ગાંધીગ્રામ પોલીસ સ્ટેશને પહોંચી પુત્ર અંગેની વિગત કહી હતી. પોલીસે બાળકના પરિવારની ઉંડાણપૂર્વક પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે બાળકને તેના માતાએ ભણવામાં ધ્યાન આપવાનું કહેતા બાળકને માઠુ લાગી ગયું હતું અને ઘરેથી ચાલ્યો ગયો હતો. પોલીસે તુરંત મુખ્ય માર્ગના હાઈ-વે પ્રોજેકટના સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરી હતી અને બાળક સીસીટીવીમાં સાયકલ લઈ હનુમાન મઢી ચોકથી નિર્મળા રોડ, કોટેચા ચોક અને બીગ બજાર તરફ જતો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ પોલીસના અન્ય સ્ટાફે બાતમીદારોને દોડાવી ૧૫૦ ફુટ રીંગ રોડ બીગ બજાર પાસેથી બાળકને શોધી કાઢયો હતો અને પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

# કોમ્પ્યુટર ઈજનેર યુવતીનું શારીરિક શોષણ કરવાના કેસમાં CAના આગોતરા મંજુર કરતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ફ્રી લાન્સિંગ કામ કરતી કોમ્પ્યુટર એન્જિનિયર પીડિતાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન ભુપેન્દ્રભાઇ પીઠડીયા (ઉ.વ.૨૮, રહે. એટીકા ફાટક પાસે, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં અર્જુન પાર્ક રાજકોટ)નું નામ આપી ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૨૦૨૪માં મોબાઈલમાં રહેલ બમ્બલ નામની એપ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન પીઠડીયાએ પ્રેમજાળમાં ફસાવીને ગત તા.૧૮/૧૦/ ૨૦૨૪ના સ્ટાફની બર્થ-ડે પાર્ટીમાં અમરેલીના ધારી (ગીર) ખાતે આવેલ હિલ વ્યુ રિસોર્ટમાં લઇ જઇ લગ્નની લાલચ આપીં ફોસલાવી શારીરીક સંબંધ બાંધેલ હતો. ત્યારબાદ જુદા જુદા દિવસોએ ઉજ્જૈન, ઉદયપુર, ગોવા સહિતના સ્થળોએ ફરવા માટે લઈ જઈ તેમજ રાજકોટની હોટલમાં શારીરિક શોષણ કરી લગ્ન માટે ફરી ગયો હોવાથી આ ફરિયાદ કરવામાં આવી હતી. ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૯ મુજબનો શારીરિક શોષણનો ગુનો નોંધી ધરપકડની તજવીજ કરતા આરોપી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન પીઠડીયાએ ધરપકડથી બચવા સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજૂર થતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આરોપી આગોતરા જામીન મેળવવા હાઈકોર્ટમાં ગયા હતા. જે અરજી ચાલી જતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ હાઇકોર્ટે આરોપી દર્શન પીઠડીયાની આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, દિશા ફળદુ, મિહિર શુકલ, ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ પ્રતીક વાય. જસાણી અને અમૃતા ભારદ્વાજ રોકાયા હતા.

# મોટામવા પાસે યુવાન પર મિત્રના પિતા અને બનેવી સહિતના શખ્સોનો હુમલો

**મિત્ર પાસેથી ઈકોગાડી લીધી તે મિત્રના પિતાને સારૂ ન લાગતાં પથ્થર વડે માર માર્યાનો આક્ષેપ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોટામવા પાસે યુવાન પર મિત્રના પિતા અને બનેવી સહિતના શખ્સોએ. પથ્થર વડે હુમલો કરી માર મારતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટ લમાં ખસેડવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ, કાલાવડ તાલુકાના નિકાવા ગામે રહેતો નિખીલ ભરતભાઈ ટાકોદ્રા (ઉ.૨૭) નામનો યુવાન રાત્રે તેના મિત્ર હિતેશ પ્રેમજીની ઈકો ગાડીમાં બેસી રાજકોટ આવતો હતો ત્યારે મોટામવા પાસે પહોંચતાં તેના મિત્ર હિતેશના પિતા પ્રેમજીભાઈ અને હિતેશના બનેવી દીપુ અને તેની સાથેના અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી પથ્થર વડે માર મારતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં નિખીલે તેના મિત્ર હિતેશ પાસેથી ઈકો ગાડી લીધી હોય જે હિતેશના પિતાને સારું ન લાગતાં હુમલો કર્યાનું જણાવ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કોઠારીયા રોડ પર ખોડિયાર ડાયમંડ કારખાનામાંથી રૂ.૬૦.૮૩ લાખના હિરાની ખોરી કરનાર શખ્સ ઝડપાયો

**ક્રાઈમ બ્રાંચની ટીમને મળી સફળતા: રૂ.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ આવેલ ખોડિયાર ડાયમંડ નામના કારખાનામાં ગઇ તા.૧૧-૪નાં કોઇ અજાણ્યા શખ્સે રૂ.૬૦ લાખની કિંમતના હિરા ચોરી કરી ગયાની ફરિયાદ ભકિતનગર પોલીસમાં નોંધાયા બાદ પોલીસની અલગ અલગ ટીમોએ તપાસ શરૂ કરી હતી. એ દરમ્યાન ક્રાઇમ બ્રાંચની ટીમને આ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. રૂ.૬૧ લાખના મુદ્દામાલ સાથે સુરત પંથકના એક શખ્સની ધરપકડ કરી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આ અંગેની જાણવા મળતી માહિતી મુજબ ભકિતનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કોઠારીયા રીંગ રોડ પીરવાડી સામે ધરમનગરમાં ખોડિયાર ડાયમંડ નામના કારખાનામાં કોઇ અજાણ્યા ઇશમે પાછળના ભાગે આવેલ દરવાજો તોડી કારખાનામાં પ્રવેશ કરી લોખંડની તીજોરીમાં રાખેલ તૈયારી હિરા અને કાચા હિરા કુલ રૂ.૬૦.૮૩ લાખના ચોરી કરી ગયાની ફરીયાદ ભકિતનગર પોલિસમાં ગઇ તા.૧૧-૪-૨૦૨૫ના કારખાનાના માલિકે નોંધાવી હતી. આ ઘટના બાદ સ્થાનિક પોલીસ અને અલગ-અલગ બ્રાંચની ટીમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો.

ક્રાઇમ બ્રાંચના પીઆઇ એમ.આર.ગોંડલીયા તથા એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.કે.મોગલીયા અને એ.એન.પરમારની ટીમના એએસઆઇ વિજયરાજસિંહ, હેડ કોન્સ. જયદેવસિંહ, સંજયભાઇ, કોન્સ. તુલસીભાઇ સહિતના સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે સુરતના ઉમરપાડા તાલુકાના રાજનીવાડ ગામનો અજય જગદીશ નાયકા નામના શખ્સને વલસાડથી દબોચી લઇ કુલ રૂ.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.